# --:: મેમોરેન્ડમ ઓફ એસોસીએશન ::--

૧. **સંસ્થાનુ નામ :-** **શ્રી પ્રાર્થના સહીયર મહીલા મંડળ**
**રાજકોટ**

૨. **સંસ્થાની કચેરી તથા કાર્યક્ષેત્ર :**
આ સંસ્થાની મુખ્ય કચેરી ૫, **સોરઠીયા પ્લોટ " આંબા વાળુ મકાન" જિલ્લા ગાર્ડ પાસે રાજકોટ** રહેશે. ભારત તથા વિદેશમાં કાર્યક્ષેત્ર રહેશે.

૩. **સંસ્થાના ઉદેશો :**
આ સંસ્થાના નાત,જાત કે ધર્મ કે લીંગના ભેદભાવ વગર રાજકારણ થી પર રહી ને કાર્યો કરશે. આ સંસ્થા ના ઉદેશો તથા હેતુ નીચે પ્રમાણે ના રહેશે.

(એ) **શૈક્ષણિક :-**

(૧) આ ટ્રસ્ટ સમાજના ઉત્થાન માટે અજ્ઞાન – અંધકારને દુર કરવા અને વિદ્યા – જ્ઞાન –પ્રકાશને પ્રસરાવવા સઘળા પ્રકારની શૈક્ષણિક પ્રવૃતિઓ કરશે.

(૨) બાલમંદિર, બાલવાડીઓ, ખેલાઘર, ઘોડિયાઘર, આંગણવાડીઓ, માતૃ અને બાળ વિકાસ કેન્દ્રો શરૂ કરશે અને અન્ય તાલીમ કેન્દ્રો ચલાવશે – નીભાવશે.

(૩) ઈંગ્લીશ મીડીયમ અને ગુજરાતી માધ્યમના પ્લેહાઉસ, નર્સરી, એલ. કે. જી.,એચ. કે. જી., પ્રિપ્રાયમરી સ્કૂલ, પ્રાયમરી સ્કૂલ, મીડલ સ્કૂલ, હાઈસ્કૂલ, હાયર સેકન્ડરી સ્કૂલ, વિવિધ પ્રકારની કોલેજો શરૂ કરી અને અન્ય તાલીમ કેન્દ્રો ચલાવશે – નીભાવશે.

(૪) ઔધોગિક વિદ્યાલયો, કૃષિ વિષયક શાળા–મહાશાળાઓ,પ્રયોગશાળા,વર્કશોપ,પુસ્તકાલયો, સંશોધન કેન્દ્રો, કોમ્પ્યુટર ટ્રેઈનીંગ સ્કૂલ – કોલેજ ઈન્ટરનેટ શિક્ષણ પ્રોગ્રામર તરીકે સેવા આપશે તથા અન્ય પ્રકારની સઘળી વિદ્યાપીઠો શરૂ કરવા – ચલાવશે – નીભાવશે.

(૫) આયુર્વેદિક,હોમયોપેથીક,મેડીકલ, ડેન્ટલ, ફીજીયોથેરાપી, કમ્પાઉન્ડરી કોર્સ,નરસીંગ કોર્સ વગેરે સબંધી વિદ્યા સંસ્થા – કોલેજો શરૂ કરી શકશે – ચલાવશે – નીભાવશે.

(૬) પોલીટેકનીકલ ,આઈ.ટી.આઈ., એન્જીનીયરીંગ, આર્કીટેકચરલ, ડીઝાઈનીંગ ,બી.સી.એ., બી.બી.એ., એમ.સી.એ.,એમ.બી.એ., પી.ટી.સી., સી.પી.એડ.,એ.ટી.ડી., બી.એડ., એમ.એડ,વગેરે સબંધી સર્ટીફીકેટ,ડીગ્રી,ડીપ્લોમા, પોસ્ટ ગ્રેજયુશન ની વિદ્યા સંસ્થા કોલેજ શરૂ કરશે અને અન્ય તાલીમ કેન્દ્રો ચલાવશે – નીભાવશે.

(૭) આર્ટસ, કોમેર્સ, મેનેજમેન્ટ, સાયન્સ, કૃષિ, વેટરનરી તથા અન્ય કોલેજ ચાલુ કરી શકશે – ચલાવશે – નીભાવશે. સંસ્કૃત પાઠશાળાઓ ચાલુ કરી શકશે.

(૮) પછાત વર્ગ – આદિવાસી, અન્ય પછાત વર્ગ ના છાત્રાલયો કુમાર / કન્યા છાત્રાલયો, આશ્રમશાળા,બોર્ડીંગ,હોસ્ટેલ,વૃધ્ધાશ્રમો અંધ – અપંગ – બહેરા – મુંગા ની સંસ્થા, વ્યાયામ શાળા સ્થાપશે – ચલાવશે – નીભાવશે.



Scanned with AnyScanner

(૯) યુવાનોના શારીરીક – માનસીક વિકાસ અર્થે વ્યાયામ શાળા,રમત ગમત પ્રવૃતિઓ, સ્પોર્ટસ કલ્બ, જીમનેસ્ટીક સંસ્થા, તેમજ રમત ગમત ની પ્રવૃતિઓનું વૈજ્ઞાનિક ઢબે પ્રશિક્ષણ આપવુ. તાલીમ શાળાઓ ના સાધનો વસાવવા – વગેરે પ્રવૃતિની સંસ્થા કોલેજો સ્થાપવી –ચલાવવી – નીભાવવી.

(૧૦) શૈક્ષણિક કાર્યોને લગતા પ્રોજેક્ટ તૈયાર કરવા–ચલાવવા અને સહકારી , સરકારી,કોર્પોરેશન, બોર્ડ,નીગમ, સ્વાયત સંસ્થા, પેઢી,કંપની દ્વારા તૈયાર કરેલા પ્રોજેકટ મુજબની કામગીરી સંભાળવી – પ્રવૃતિઓ કરવી.

(૧૧) વિદ્યાર્થીઓના ટેકનિકલ શિક્ષણ તથા આર્થિક ઉપાર્જન હેતુ સર જી.ઈ.બી.બીલીગં સેન્ટરો તથા બી.એસ.એન.એલ. તથા અન્ય જુદી જુદી સ્કીમોમાં જોડાઈ આર્થિક ઉપાર્જન હેતુ સર કામગીરીઓ કરશે. શિક્ષણ વિષયક અંક, પત્રિકાઓ, પુસ્તીકાઓ પ્રસિધ્ધ કરી કરશે

(બી) **સંસ્કૃતિ રક્ષા :–**

(૧) માનવ સમાજ અને વિશેષત યુવક–યુવતિઓમાં ભારતીય સંસ્કૃતિ મુજબ સંસ્કાર સિંચનના કાર્યો કરવા.

(૨) મૂલ્યનીષ્ઠ જીવન, ગુણસંપન્ન જીવન, શ્રેષ્ઠતમ વર્તણુક, આચાર વિચાર , ઉચ્ચ સંસ્કારો કેળવાય તેવા પ્રયત્નો હાથ ધરવા.

(૩) જાહેર તહેવારોની ઉજવણી કરવી, કાર્યક્રમો યોજવા.

(૪) સંપ,સ્નેહ,સંગઠન દ્વારા શ્રેયસ્કર સમાજ રચના થાય અને ભારત ભૂમિ ગૌરવવંતી બને તેવા પ્રયત્નો કરવા/કરાવવા.

(સી) **આરોગ્ય :–**

(૧) માનવ સમાજ અને અન્ય જીવસૃષ્ટિના કલ્યાણર્થે આરોગ્ય વિષયક સ્વાસ્થ્ય રક્ષા સબંધી પ્રવૃતિઓ કરશે.

(૨) રોગીને રોગમુકત કરવા અને નીરોગીને સ્વસ્થ અને દીર્ધાયુ જીવન માટે સઘળા કાર્યો કરવા.

(૩) સ્વાસ્થય રક્ષા માટે મુખ્યત્વે આયુર્વેદીક ચિકિત્સા પધ્ધતિનો ઉપયોગ કરી આયુર્વેદના મુળભુત સિધ્ધાંતો – ઉદેશો, વિશેષતા, મહત્વ અને વ્યવહાર ઉપયોગીતાને લોકજીવનમાં સિધ્ધ કરવા પ્રયત્નો કરવા.તેમ છતા જરૂર જણાયે અન્ય કોઈપણ પથીઓ જેવી કે એલોપેથી, હોમિયોપેથી,બાયોકેમીક,યુનાની,સિધ્ધ,નિસર્ગોપચાર ચુંબકીય પધ્ધતિ,એકયુપંચર, એકયુપ્રેસર વગેરે અન્ય ચિકિત્સા પધ્ધતિ નો ઉપયોગ આરોગ્ય સેવા અર્થે કરી શકશે.

(૪) આરોગ્ય વિષયક સેવા માટે દવાખાના,હોસ્પિટલ,ચિકિત્સાલયો,નિદાન કેન્દ્રો,પંચકર્મ કેન્દ્રો, સંસોધન કેન્દ્રો,વયઃસ્થાપન કેન્દ્ર,દીર્ધાયુ કેન્દ્રો,પુંસવન કેન્દ્ર,શ્રેષ્ઠ પ્રજોત્પતિ કેન્દ્ર શરૂ કરી ચલાવી–નીભાવી શકાશે.

(૫) વિવિધ પથીઓની શિક્ષણ સંસ્થાઓ,કોલેજ,ફાર્મસી,લેબોરેટરી,મેડીકલ સ્ટોર,આયુર્વેદ સહીતની,ઔષધનિમાર્ણ સંસ્થા, વ્યસન મુકતિ કેન્દ્રો, રીહેબીલીટેશન કેન્દ્ર, ફીજીઓથેરાપી કેન્દ્ર વગેરે સ્થાપવા –શરૂ કરવા નીભાવવા અને તે સંબંધી આરોગ્ય વિષયક પ્રવૃતિઓ કરવી.

(૬) આયુર્વેદિક ઔષધીય ઉધાનો,વનૌષધિ કેન્દ્રો, ઔષધીય ખેતી માટે ખેડુતો ને પ્રોત્સાહીત કરવા પ્લાન્ટેશન, ઔષધીય રોપાઓનો ઉછેર –વાવેતર– વીતરણ ની પ્રવૃતિ કરી શકશે.

(૭) આરોગ્ય વિષયક સેવાઓ માટે વિવિધ પ્રોજેકટ તૈયાર કરવા તેમજ સરકારી –સહકારી,સ્વાયત સંસ્થા, બોર્ડ,નીગમ,કોર્પોરેશન, કંપની, ટ્રસ્ટો તૈયાર કરાયેલા પ્રોજેકટ –પ્રવૃતિઓ–કાર્યો મુજબની પ્રવૃતિઓ સંભાળવી – નીભાવવી ચલાવવી તેમજ યોજનાકિય પ્રવૃતિઓ કરવી. રાહત દરે મેડીકલ સ્ટોર્સ ખોલશે, સંભાળશે, ચલાવશે.



Scanned with AnyScanner

(૮) સ્વાથ્ય રક્ષા સબંધી શિબીર, વનૌષધિ પ્રદર્શન, નિદાન– ચિકિત્સા કેમ્પ, સુવર્ણ પ્રાશન કેમ્પ, વ્યસન મુકિત કેમ્પ વગેરે અન્ય કેમ્પ પણ યોજવા.

(૯) લીલી,સુકી,તાજી ઔષધિય વનસ્પતિના સ્વરસ, કવાથ, ચુર્ણ, વટી, ગુટી,અવલેહ,તૈલ,ઘૃત,મલમ તથા શુધ મધ દ્વારા દર્દીના રોગ નીવારણની પ્રવૃતિ કરવામાં આવશે.

(૧૦) યોગ, યોગાસન,પ્રણાયમ દ્વારા જનઆરોગ્યની રક્ષાની પ્રવૃતિ હાથ ધરાશે.

(૧૧) આરોગ્ય વિષયક અંક, પત્રિકાઓ, પુસ્તીકાઓ પ્રસિધ્ધ કરી આરોગ્ય રક્ષા ની પ્રવૃતિ કરશે.

(ડી) **<u>આધ્યાત્મિક :–</u>**

(૧) કોઈપણ જાતના ધર્મ કે નાત – જાતના ભેદભાવ વગર માનવ માત્રમાં રહેલી ધર્મભાવના, ઈશ્વર ભાવના,અને ઉચ્ચતર આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્તિ માટે'આત્મા–આત્મા,ભાઈ–ભાઈ'ના સુત્રને સાર્થક કરવા અને ધાર્મિક અંધશકિત અજ્ઞાનતાને દુર કરી પરમ તત્વ પરમાત્માના આધ્યાત્મિક જ્ઞાન – વિકાસ માટેના આધ્યાત્મિક જ્ઞાન કેન્દ્રો શરૂ કરવા.

(૨) સંત કુટીરો, યોગ કુટીરો, ધ્યાન કેન્દ્રો,સત્સંગકેન્દ્ર,પ્રાણાયામ, ધ્યાન, યોગ,યોગસનના કેન્દ્ર શરૂ કરવા – ચલાવવી.

(૩) આધ્યાત્મિક ગ્રંથો, સાહિત્ય, અંકો, પત્રિકાઓ પ્રસિધ્ધ કરવા વાંચનાલયો શરૂ કરવા ચલાવા. દિવ્યજીવન માટેના કેન્દ્રો,શરૂ કરવા – ચલાવા અને અન્ય ઉચ્ચ પ્રકારના આધ્યનત્મિક જ્ઞાન પ્રાપ્તિ સમાજને સાચા સ્વરૂપે થઈ શકે તેવા સમાજ લક્ષી પ્રવૃતિઓ હાથ ધરવી.

(૪) સુદઢ,સ્વસ્થ,સંસ્કારી,ગુણ સંપન્ન અને સમૃધ્ધ સમાજ રચના માટે ધર્મપાલનએ પ્રથમ હરોળની જરૂરી બાબત છે જેના પાલનથકી સુખમય સમાજ,સમૃધ્ધ ભારતની રચના સંભવી શકે છે તે માટે પ્રવૃતિ હાથ ધરવી.

(૫) વૈદિક સંસ્કાર કેન્દ્રો,યજ્ઞ શાળાઓ,દિવ્ય જીવનકેન્દ્રો,સંત સત્સંગ કેન્દ્રો,જલ કેન્દ્રો,છાશ કેન્દ્રો, રામરોટી કેન્દ્રો, પશુ – પંખી સુશ્રુષા કેન્દ્રો, સ્થાપવા –નીભાવવા. કીડીને કણ–હાથીને મણ મળી શકે તેવી પ્રવૃતિ કરવી.

(૬) ભુખ્યાને ભોજન,તરસ્યાને જલ, વસ્ત્રવિહિનને વસ્ત્રદાન, ઘર વિહોણાને ઘર,રોજગાર વાંચ્છુ ને રોજગાર મળે તેમજ રોગ પીડીતોને માટે ઔષધ સહાય કેન્દ્રો સ્થાપવા,નીભાવવા.

(ઈ) **<u>સામાજીક :–</u>**

(૧) આ ટ્રસ્ટ માનવ સમાજ ઉત્થાન ને લગતી પ્રવૃતિઓ કરશે. રીસર્ચ સંશોધન અને વિકાસ લગતા તમામ પ્રવૃતિઓ કરશે.

(૨) શ્રેષ્ઠ પરિવાર – સમાજ ની આચાર સંહિતા,સંસ્કાર સિંચન,સદવૃત – સદાચાર પાલન, ગુણ સંપન્ન સમાજ રચના, સ્વસ્થ,સુખી અને સ્મૃધ્ધ સમાજ રચના બાબતેના કાર્યો હાથ ધરશે.

(૩) કુરીવાજો, કુટેવો, કુસંસ્કારો અને વ્યસનોથી માનવ સમાજને બચાવવા જન જાગૃતિ અને અટકાયતી પગલાઓ માટે પ્રવૃતિ કરશે. તેમજ વ્યસનમુકિત અને નશાબંધી અંગે ના કાર્યક્રમો યોજવા તથા વિદેશ માથી ફંડ પણ મેળવી શકશે.

(૪) વિવિધ રોજગાર તાલીમ,જન જાગૃતિ અને વિકાસ કાર્યો કરશે.

(૫) વૃધ્ધ, અપંગ, અશકત, ત્યકતા, વિધવા, અંધજનો, બહેરા, મુંગા, મંદબુધ્ધિ, નીરાધાર, કચડાએલા, તરછોડાયેલા માટે આશ્રયસ્થાન સ્થાપવા, રાહત કેન્દ્રો શરૂ કરવા, ચલાવવા.



Scanned with AnyScanner

(૬) મહીલા ઉત્કર્ષ – વિકાસ – ઉન્નતિ માટે ની પ્રવૃતિના ભાગ રૂપે સીવણ ના વર્ગો ચલાવી બહેનો ને રેડીમેનટ અને રીપેરીંગ કામો શિખવી રોજગારી મળે બહેનો પગભર થઈ શકે તેવા કાર્યો કરશે, એમ્બ્રોડરી, ભરત ગુંથણ, હસ્તકલા, ટેલ્રીંગ – કટીંગ, ફીટીંગ, ડીઝાર્યનીંગ, ડ્રેસ મટીરીયલ્સ વગેરેના વર્ગો, તાલીમ કેન્દ્રો, શરૂ કરવા ચલાવવા – નીભાવવા.

(૭) કોમી એકતા, રાષ્ટ્રભાવના કેળવાય તેવા પ્રયત્નો હાથ ધરવા. ઐતિહાસિક ટુરીઝમ લગતી તમામ પ્રવૃતિઓ કરશે.

(૮) ગ્રામ્ય વિકાસ ક્ષેત્રે રોજગારી લક્ષી કાર્ય કરવુ જેવુ કે જમીન ગુણવતા કરકસર અને આદિવાસી હરીજન ખેત મજુરો અને મહિલાઓને અગ્રતા આપી રોજગારી લક્ષી કામ ચલાવવા જેવા કે બાંધકામ ક્ષેત્રે બંધ પાળા બાંધવા નાના તલાવડા, ચેકડેમ રોડ અને રસ્તા તેમજ સરકારશ્રી સરકાર શ્રી વિવિધ યોજના મુજબના ડેમો વિગેરે નાના મોટા કામ રાખી રોજગારી આપવી.

(૯) પદયાત્રીઓ ને સેવા આપવી, છાસ વિતરણ, વસ્ત્રો વિતરણ, ફુટ વિતરણ કરશે પાઠય પુસ્તકો વિતરણ, વિકલાંગો વ્હીલચેર વિતરણ, તથા વિધવા – નિરાધાર મળતી સહાય ફોમર્સ ભરાવી માર્ગદર્શન આપી સેવા આપશે.

(૧૦) સામાજીક આપતિઓના સમયે રાહત કાર્યો હાથ ધરશે,જન જાગૃતિ અને વિકાસકાર્યો કરશે.

(૧૧) ઉપરોક્ત કાર્યો સિવાય ગ્રામ્ય શહેર પછાત સામાજીક શૈક્ષણિ અનુ–જાતિ,અનુ–જન જાતિ નબળા વાર્ગોના ઉથાન માટે સામાજીક સેવાકીય કાર્યો હાથ ધરવા સફાઈ, પબ્લીક ટોઈલેટ, ડોર ટુ ડોર ગારબેજ કલેકશન તમામ પ્રકારના સફાઈ વિષયક કામ કરશે. સંડાસ,બાથરૂમ, ગટર બાધકામ કરવું સફાઈ કામદારો ને તાલીમ આપવી સફાઈ સંબંધે કામો કરશે કરાવવા.

(૧૨) ખાદી ગ્રામઘોગ તથા ગૃહ ઉદ્યોગ ક્ષેત્રમાં આવતા ઉત્પાદન, વેચાણ શિક્ષણ અને પ્રસાર તેમજ સંસોધનની સમગ્ર પ્રવૃતિ અને પ્રવૃતિ ના વિકાસ સંબંધિત સર્વે કાર્યો હાથ ધરવા તથા તે ધ્વારા બેરોજગારી દુર કરવાના કાર્યક્રમો હાથ ધરવા.

(એફ) <u>ગોપાલન – ગૌશાળાઃ–</u>

(૧) માનવ સમાજના આર્થિક વિકાસ, આરોગ્ય રક્ષા અર્થે તેમજ જીવન જરૂરીયાતને પહોચી વળવા વૈજ્ઞાનિકખેતી શિક્ષણ, કૃષિ વિકાસ,વિષય શિક્ષણ, બાગાયત શિક્ષણ, જંગલ વિકાસ સબંધી શૈક્ષણીકપવૃતિઓ હાથ ધરવી.

(૨) ઔષધીય પાકોની ખેતી, મૂલ્યવાન અને લૂપ્તપ્રાય ઔષધીય વનસ્પતિ ઉછેર,સંભાળ,ગુણ સંપન્ન કુદરતી વનૌષધિનુ એકત્રીકરણ,વીતરણ ની પ્રવૃતિઓ કરવી.

(૩) વૈજ્ઞાનિક ખેતી શિક્ષણ, આધુનિક ખેતી શિક્ષણ, આધુનિક સંશોધનો–સાધનો પુરા પાડવા, માર્ગદર્શન અને શિક્ષણ આપવુ.

(૪) કૃષિ શિક્ષણ,બાગાયત શિક્ષણ,ગોપાલન શિક્ષણ,વનૌષધિ સબંઘી પ્રદર્શનો યોજવા શરૂ કરવા શુઘ્ધ મધ એકત્રીત કરી વિતરણ કરવું લોક હીતની પ્રવૃતિ હાથ ધરવી.

(૫) ગૌશાળા–પશુ પાલન દ્વારા ઉતમ દુધ,દહી,છાશ,માખણ,ઘી,ગૌમુત્ર,છાણ વિતરણની પ્રવૃતિ કરી સમાજ અને કૃષી ઉપયોગી કાર્યો કરવા. ગૌહત્યા અને પશુ પંખીની હત્યા અટકાવતી પ્રવૃતિ કરી જીવદયાના કાર્યો કરાવવા.

(૬) લુપ્ત થતા દેશી બીયારણના ગુણધર્મો જાળવવા માટેનુ અભીયાન ચલાવવુ.

(૭) વૃઘ્ધ – અપંગ પશુ – પક્ષીની સુશ્રુષા,સંભાળ – સારવાર કેન્દ્રો શરૂ કરવા,પશુ – પંખી સારવાર માટે દવાખાના શરૂ કરવા – ચલાવવા.



Scanned with AnyScanner

(૮) ગાય – પશુના છાણ – મુત્ર માંથી ખેતી ઉપયોગી અને ઔષધ ઉપયોગ ગોબર ગેસ પ્લાન્ટ અને દેશી ખાતરો દ્વારા પર્યાવરણ અને ખેતીવાડી માટે ઉપયોગી પ્રવૃતિ હાથ ધરવી.

(૯) સૌર ઉર્જા સબંધી પ્રવૃતિ/કાર્યો કરવા.

(જી) **પર્યાવરણ :–**

(૧) માનવ સમાજ અને અન્ય જીવસૃષ્ટિને સુખમય – સ્વસ્થ જીવન જીવવા શુધ્ધ ખોરાક, પાણી, હવા અને કુદરતી વાતાવરણ મળી રહે તે માટે દરેક પ્રકારના પ્રદુષણ નીવારણની પ્રવૃતિ – કાર્યો કરવા.

(૨) વૃક્ષારોપણ પ્રવૃતિ કરવી,રોપાઓ ઉગાડવા,આપવા–વહેચવા. બાગ–બગીચા–ઓષધીય ઉદ્યાન સબંધી પ્રોજેકટ/કાર્યો કરવા – કરાવવા, જંગલ વિકાસ અને રક્ષા સબંધી પ્રવૃતિઓ કરવી.

(૩) જળ સંરક્ષણ, જમીન સંરક્ષણની પ્રવૃતિઓ કરવી, દરિયાંમાં વહીજતા વરસાદી પાણીને રોકીહરીયાળી ધરતીનુ સ્વપ્ન સાકાર કરવા પ્રવૃતિ/કાર્યો કરવા, જન સુખાકારી માટે પર્યાવરણ રક્ષા માટેની સઘળી પ્રવૃતિઓ કરવી/કરાવવી.

**આ સંસ્થાની પ્રથમ કારોબારી સમિતિ હોદેદારો નીચે મુજબના રહેશે. (ઉમરમાં બધા પુખ્ત વયના છે.)**

| ક્રમ | નામ પિતાનું નામ અટક | ટ્રસ્ટીના હોદા |
|---|---|---|
| ૧ | શ્રી પ્રભાબેન મંગાભાઈ પારઘી<br>૫, સોરઠીયા પ્લોટ " આંબા વાળુ મકાન" જિલ્લા ગાર્ડ પાસે રાજકોટ | પ્રમુખ |
| ૨ | શ્રી ગીતાબેન અરજણભાઈ પારઘી<br>નાળોદાનગર શેરી નં. – ૭ કોઠારીયા રોડ રાજકોટ | ઉપપ્રમુખ |
| ૩ | શ્રી રજનીબેન ભીખાભાઈ ચંદ્રપાલ<br>એચ, જેલ રોડ રામનાથપરા પોલિસ સ્ટે. પાસે રાજકોટ | મંત્રી |
| ૪ | શ્રી ચન્દ્રાબેન વિનોદભાઈ લોરિયા<br>લલુળી વોકળી પૂર્વ બાજુ સોરઠિયા વાડી કેવડા વાડી કેનાલ રોડ રાજકોટ | સહમંત્રી |
| ૫ | શ્રી પુરીબેન ધનજીભાઈ પારઘી<br>સોરઠીયા પ્લોટ – ૫ રામનાથપરા પોલિસ સ્ટે. પાસે રાજકોટ | ખજાનચી |
| ૬ | શ્રી રીટાબેન અરજણભાઈ પારઘી<br>નાળોદાનગર શેરી નં. – ૭ કોઠારીયા રોડ રાજકોટ | સભ્ય |
| ૭ | શ્રી શારદાબેન મુળજીભાઈ ચાંવગર<br>બાબર પરા મુ. ગઢડા તા. ગઢડા જિ. ભાવનગર | સભ્ય |



Scanned with AnyScanner

ઉપરોકત સંસ્થાનું રજીસ્ટ્રેશન સોસાયટી રજીસ્ટ્રેશન એકટ૧૮૬૦મુજબ અમો કરાવવા માંગીએ છીએ અને સંસ્થાની રચના કરેલ છે, તે માટે અમોએ નીચે અમારી સહીઓ કરેલ છે.

મુકામ :– રાજકોટ

તારીખ :–૧૬/૭/૨૦૧૩

| ક્રમ | નામ | સહી |
|---|---|---|
| ૧. | શ્રી પ્રભાબેન મંગાભાઈ પારઘી | ×................................ |
| ૨. | શ્રી ગીતાબેન અરજણભાઈ પારઘી | ×................................ |
| ૩. | શ્રી રજનીબેન ભીખાભાઈ ચંદ્રપાલ | ×................................ |
| ૪. | શ્રી ચન્દ્રાબેન વિનોદભાઈ લોરિયા | × ચંદ્રા બેન |
| ૫. | શ્રી પુરીબેન ધનજીભાઈ પારઘી | × પારઘી પુરીબેન |
| ૬. | શ્રી રીટાબેન અરજણભાઈ પારઘી | ×................................ |
| ૭. | શ્રી શારદાબેન મુળજીભાઈ ચાંવગર | × શારદા બેન |

ઉપર મુજબના તમામટ્રસ્ટીઓ એ મારી રૂબરૂમાં ઉપર મુજબ સહીઓ કરેલ જેની હું આ ખાત્રી પુર્વક સહી કરી આપુ છું

પ્રમુખ સહી×................................

શ્રી પ્રભાબેન મંગાભાઈ પારઘી

# —:: આર્ટીકલ ઓફ એસોસીએશન ::—

૧. સંસ્થાનુ નામ :— **શ્રી પ્રાર્થના સહીયર મહીલા મંડળ રાજકોટ**

૨. **સંસ્થાની કચેરી તથા કાર્યક્ષેત્ર :**
આ સંસ્થાની મુખ્ય કચેરી **૫, સોરઠીયા પ્લોટ "આંબા વાળુ મકાન" જિલ્લા ગાર્ડ પાસે રાજકોટ** રહેશે. ભારત તથા વિદેશમાં કાર્યક્ષેત્ર રહેશે.

૩. **સભ્યપદ :**
આ સંસ્થામાં કોઈ પણ પુખ્તવયની વ્યકિત સભ્ય થઈ શકશે. તેમણે કારોબારી સમિતિએ નકકી કરેલ'ફી' સંસ્થાને ભરપાઈ કરવાની રહેશે.હાલમાં વાર્ષિક ફી રૂા.૧૦/—રહેશે. અને કુલ પાંચ વર્ષ ની'ફી'રૂા. ૫૦/— આવા સભ્ય સામાન્ય સભ્ય ગણાશે.આ સંસ્થા નહેરુ યુવા કેન્દ્ર સાથે જોડાઈ વિવિધ પ્રવૃતિઓ કરીશકશે

૪. **સભ્યપદનો અંત :**
(૧) જે સભ્ય સામાન્ય સભામાં સતત બે વખત ગેરહાજર રહેશે અને વાર્ષિક લવાજમ નિયમિત ન ભરે તેનું સભ્યપદ આપો આપ રદ થયેલું ગણાશે.
(૨) સંસ્થાના નિયમનો કે ઉદેશોને જાણીને ભંગ કરતો હશે અથવા તેમ કરવા માટે બીજા ને ઉશ્કેરતો હશે તો તેનું સભ્યપદ રદ થયેલું ગણાશે.
(૩) સભ્ય નાદાર, ગાંડો કે અસ્થિર મગજનો બને તો સભ્યપદ રદ થયેલું ગણાશે.

૫. **સામાન્ય સભા :**
(૧) તમામ નોંધાયેલ સભ્યોની એક સામાન્ય સભા બનશે.
(૨) વર્ષમાં એક વખત તેની મીટીંગ પણ રાખવામાં આવશે.
(૩) સામાન્ય સભાની મીટીંગ નોટીસ ૧૫ દિવસ અગાઉ તમામ સભ્યોને જાણ કરવામાં આવશે અથવા મીટીંગની માહિતી કારોબારી સમિતિ નકકી કરે તે રીતે આપવામાં આવશે.
(૪) સામાન્ય સભાનું ફોરમ ૧/૩ સભ્યોની હાજરીથી પુરુ થયેલું ગણાશે. ફોરમના અભાવે મુલત્વી રહેલ મીટીંગ એક કલાક બાદ ફરી મળે જેને ફોરમનો બાધ નડશે નહીં.

૬. **સામાન્ય સભાની કાર્યવાહી તથા ફરજો :**
(૧) સામાન્ય સભામાં સંસ્થાના હિસાબો વંચાણે લેવામાં આવશે અને મંજુર કરવામાં આવશે.
(૨) સંસ્થાનું બજેટ મંજુર કરવામાં આવશે.
(૩) સામાન્ય સભા સંસ્થા માટેની નવી પ્રવૃતિ અંગેનું આયોજન કરી અને કારોબારી સમિતિને સુપ્રત કરશે.



Scanned with AnyScanner

૭. **કારોબારી સમિતિ :**

(૧) કારોબારી સમિતિમાં ઓછા માં ઓછા ૭ (સાત) અને વધારે માં વધારે ૨૦ (વીસ) સભ્યો ની રહશે.

(૨) સામાન્ય સભા દર પાંચ વર્ષ કારોબારી સમિતિ ના સભ્યો ની ચુટણી કરશે.

(૩) કારોબારી સમિતિ પોતાનામાંથી પ્રમુખ,ઉપપ્રમુખ,મંત્રી,સહમંત્રી અને ખજાનચી ની ચુંટણી દર પાંચ વર્ષે કરશે.

(૪) મુદત દરમ્યાન કારોબારી સમિતિ માં રજા કજા કે અન્ય કોઈ રીતે જગ્યાં ખાલી પડશે. તો કારોબારી સમિતિ ને જગ્યાં બાકી ની મુદત માટે બહુમતી એ ઠરાવ કરી પુરી શકશે.

(૫) કોઈપણ કારણે હોદેદારોમાં મુદત દરમ્યાન જગ્યાં ખાલી પડશે તો બાકીની મુદત માટે કારોબારી સમિતિ બહુમતિ એ હોદેદારો ની નિમણુંક કરશે.

૮. **કારોબારી સમિતિની ફરજો તથા અધિકારો :**

(૧) કારોબારી સમિતિ દર છ મહિને એક વખત મળશે.

(૨) કારોબારી સમિતિ મીટીંગની નોટીસ દરેક સભ્યને દરેક સભ્યો નોંધાયેલ સરનામે મીટીગની તારીખથી અઠવાડીયા અગાઉ મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

(૩) કારોબારી સમિતિનું ફોરમ ૧/૩ સભ્યોની હાજરીથી પુરુ થયેલ ગણાશે અને ફોરમના અભાવે. મુલત્વી રહેલ મીટીંગ એક કલાક બાદ ફરી મળશે અને જેમાં ફોરમનો બાંધ નડશે નહી.

(૪) કારોબારી સમિતિ સંસ્થા માટેની મિલ્કત ઉભી કરી શકશે, ભાડે આપી શકાશે. ગીરો કરી શકશે, તેમજ નવા બાંધકામ કરશે, વેચાણ કરી શકશે, બક્ષીસ આપી શકશે કે અન્ય રીતે ટ્રાન્સફર કરી શકશે. મંદિરો જીર્ણોધાર હોમ,હવન આધ્યાત્મીક કાર્યો કરશે.

(૫) સંસ્થાના નાણાનું રોકાણ કાયદા મુજબ કરી શકશે.

(૬) સંસ્થાના હેતુ માટેના કાર્યો, પ્રોજેકટો તૈયાર કરશે અને તેનો અમલ કરશે.

(૭) સંસ્થાના તમામ દસ્તાવેજો, પોતાના હસ્તક રાખશે અને તેઓ યોગ્ય પ્રબંધ કરશે. તેમજ સ્થાવર મિલ્કતોની જાળવણીના કાર્યો હાથ ધરશે.

(૮) આ સંસ્થાને શરતી કે બિન શરતી દાન, બક્ષીસ મળે તે સ્વીકારી શકશે પરંતુ તે દાન,બક્ષીસ સંસ્થાના નામ કે હેતુની વિરુદ્ધ ન હોવું જોઈએ. બચત મંડળો ઉભા કરી લોકો ને ટોકન ચાર્જ લઈ આર્થિક મદદ કરશે.

૯. **ઠરાવો :**

(૧) કારોબારી સમિતિના ઠરાવ બહુમતીથી કરવામાં આવશે અને પ્રમુખે સહી કરવાની રહેશે.

(૨) અસાધારણ સંજોગોમાં ઠરાવ સર્કયુલર ફેરવીને કરી શકાશે અને જેની નોંધ મિનિટ બુકમાં કરવામાં આવશે.

(૩) કારોબારી સમિતિની તથા સામાન્ય સભાની મિનિટ બુકો અલગ અલગ રાખવામાં આવશે.

૧૦. **નોટીસ :**

(૧) દરેક સભ્યને મીટીંગની નોટીસ મોકલવામાં આવશે આ નોટીસમાં સમય, સ્થળ, તારીખ અને કાર્યસુચિ જણાવવામાં આવશે. આ નોટીસને દરેક સભ્યોએ માન્ય રાખવાની રહેશે.

(૨) કારોબારી સમિતિ નકકી કરે તો મૌખિક નોટીસ આપીને મીટીંગ બોલાવી શકશે. આ એજન્ડા નોટીસને અલગ ફાઈલામાં રાખવામાં આવશે.



Scanned with AnyScanner

૧૧. **અન્ય સંસ્થા જોડાણ કે પોતામાં સમાવવી :**

(૧) આ સંસ્થાના ઉદ્દેશો જેવી જ અન્ય સંસ્થા આ સંસ્થા સાથે રજીસ્ટ્રેશન એકટ ની જોગવાઈ મુજબ જ જોડાણ કરી શકશે અને પોતાનામાં સમાવી શકશે.

૧૨. **આ સંસ્થાના હોદેદારો નીચે મુજબ રહેશે :**

**પ્રમુખ** :

(૧) પ્રમુખ કારોબારી સમિતિ તથા સંસ્થાના વડા ગણાશે.

(૨) આ સંસ્થાની તમામ પ્રવૃતિ તથા કોર્યો પ્રમુખશ્રીની સુચના મુજબ ચાલશે.

(૩) પ્રમુખશ્રીને એક વધારાનો મત આપવાનો અધિકાર રહેશે. આ કાસ્ટિંગ મત કોઈ પ્રશ્ન બંને તરફે એક સરખા મત પડે તેવા સંજોગોમાં વાપરી શકાશે.

(૪) પ્રમુખશ્રી સંસ્થા માટે રૂા.૩૦૦૦/– સુધીનો ખર્ચ કરી શકશે અને આ રકમ હાથ ઉપર રાખી શકશે.

**ઉપપ્રમુખ** :

(૧) પ્રમુખશ્રીની ગેરહાજરીમાં તેના તમામ અધિકારો, ફરજો ઉપપ્રમુખ સતા ભોગવશે. પ્રમુખશ્રી સોંપે તે તમામ કાર્યો કરશે.

**મંત્રી** :

(૧) સંસ્થાના વહીવટી કાર્યો કરશે.

(૨) સંસ્થા વતી પત્રવ્યવહાર પ્રમુખશ્રીની સુચના મુજબ કરશે.

(૩) સંસ્થાની મીટીંગનું સંચાલન તથા વ્યવસ્થા કરશે. મીટીંગ બોલાવવાની કાર્યવાહી હાથ ધરશે.

(૪) સંસ્થાના હિસાબો ઓડીટ કરાવશે.

(૫) સંસ્થાનું બજેટ તૈયાર કરશે અને કારોબારી સમિતિ સમક્ષ મુકશે.

**સહમંત્રી** :

(૧) મંત્રીની ગેરહાજરીમાં તેની સતા, ફરજો સહમંત્રી બજાવશે તેમજ મંત્રીશ્રી સુપ્રત કરેતે તમામ કાર્યો કરશે.

**ખજાનચી** :

(૧) સંસ્થાની નાણાકીય વ્યવસ્થા પ્રમુખશ્રી સુપ્રત કરે તે મુજબ કરી અને નાણા પ્રમુખશ્રી ની સુચના મુજબ બેન્કમાં મુકશે.

૧૩. **બેંક – એકાઉન્ટ** :

(૧) આ સંસ્થાના બેંક એકાઉન્ટ કોઈ પણ માન્ય બેંકમાં રાખવામાં આવશે.

(૨) આ બેન્ક એકાઉન્ટ પ્રમુખ તથા અન્ય ટ્રસ્ટી સભ્ય સહી થી ખોલાવા માં આવશે બન્ને ટ્રસ્ટીઓ ની સંયુકત સહીથી બેંક ખાતુ ઓપરેટર થશે.

૧૪. **હિસાબી વર્ષ** :

(૧) આ સંસ્થાનું હિસાબી વર્ષ ૩૧ માર્ચના રોજ પુરુ થાય તેમ રાખવામાં આવશે.

૧૫

Scanned with AnyScanner

**૧૫. આવકના સાધનો :**

(૧) આ ટ્રસ્ટડીડમાં જણાવેલ ઉદેશો માટે ટ્રસ્ટીઓ ચેરીટી શૌ.ભેટ બક્ષીસ, અને અન્ય રીતે "ફી" પણ સ્વીકારી શકશે તેમજ સરકારી અર્ધસરકારી કે બીજા સરકારી સંસ્થાઓ કે આંતર રાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી બક્ષીસ તેમજ લોન સ્વીકારી શકશે તેમજ પ્રવર્તમાન કાયદાની જોગવાઈ ઓને આધિન રહીને અન્ય રીતે નાંણા પ્રાપ્ત કરી શકશે. જુદી જુદી વીમા કંપનીઓ સાથે જોડાઈ વીમો ઉતારવાની કામગીરી કરી આવક ઉભી કરશે.

**૧૬. સમિતિ તથા પેટા સમિતિ :**

(૧) આ સંસ્થાના વહીવટીય કાર્યો માટે તથા ઉદેશોની પરિપૂર્તિ માટે કારોબારી સમિતિ વિવિધ કમિટિ અને તે મુજબ તે કમિટિ કે સમિતિએ કરવાનું કાર્ય નકકી કરશે આવી કમિટિ કે સમિતિના અધ્યક્ષ તરીકે પ્રમુખશ્રી ગમે તે સભ્યને નીમી શકશે.

**૧૭. અસાધારણ સંજોગો :**

(૧) આ સંસ્થા અસાધારણ સંજોગોમાં બંધ કરવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યારે સંસ્થાની સ્થાવર જંગમ મિલ્કતની પ્રથમ વ્યવસ્થા કરવાની રહેશે. જે બાદ આ સંસ્થાને બંધ કરી શકશે.

**૧૮. સંસ્થાના હોદેદારો :**

(૧) આ સંસ્થાના હોદેદારો એ સંસ્થાના નિયમો તથા ઉદેશો મુજબ કોઈ કાર્યો કરેલ હોય તો તે અંગેની અંગત જવાબદારી ઉપસ્થિત થશે નહી.

**૧૯. નાંણા રોકાણ**

(૧) આ સંસ્થાના કોઈ સભ્યે કે હોદેદારે પોતાના નાંણાનું રોકાણ કરેલ હશે તો તે પરત લઈ શકશે.

**૨૦. નાંણાકીય વ્યવસ્થા :**

(૧) સંસ્થાના ઉદેશો સિદ્ધ કરવા વિવિધ રચનાત્મક પ્રવૃતિઓ ચલાવવા માટે વ્યકિતગત કે સંસ્થાગત દાનથી કે સરકાર પાસેથી અથવા અર્ધ સરકારી સંસ્થા કે બેંકો પાસેથી દાન, લોન સહાય કે ગ્રાન્ટમેળવી શકશે.

(૨) સંસ્થાની પ્રવૃતિઓના વિકાસ માટે સાધનો અંગે જમીન,મકાન કે અન્ય પ્રકારની મિલ્કતો વ્યકિતગત અથવા સંસ્થાગત દાનથી કે નિયામક મંડળને યોગ્ય લાગે તેવી શરતોએ મેળવી શકાશે.

(૩) નિયામક મંડળને યોગ્ય લાગે તેવી રીતે જામીનગીરી ઉપર નાંણા લેવા અથવા ધીરવા. સંધની દેણદાર કે સ્થાવર જંગમ મિલ્કત ઉપર કોઈ પણ પ્રકારનો ગીરો અથવા બોજો કરીને નાણા મેળવી શકશે. તેમજ હાથ ધરી શકશે તથા મિલ્કત અને માલસમાન વગેરેના વિમા ઉતરાવીને જે નાણાંકીય ધીરાણ કરના સંસ્થાને તેની પોલીસી સાઈન કરવાની રહેશે.

આ સંસ્થાના નિયમોમાં જરૂર પડયે જયારે સુધારા વધારા કે ફેરફાર ઘટાડો કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે પ્રવર્તમાન કારોબારી સમિતિના ૧/૩ સભ્યોની હાજરીથી મુબઈ સાર્વજીન ટ્રસ્ટ એકટ ૧૯૫૦ અને ૧૮૬૦ કાયદાને અધિન રહી તે મુજબ ફેરફાર કે બંધ કરવાનુ થાય કે અન્ય સંસ્થા ને સોપી શકશે.



Scanned with AnyScanner

મુકામ :– રાજકોટ

તારીખ :–૧૬/૭/૨૦૧૩

| ક્રમ | નામ | સહી |
| --- | --- | --- |
| ૧. | શ્રી પ્રભાબેન મંગાભાઈ પારઘી | ×.................................... |
| ૨. | શ્રી ગીતાબેન અરજણભાઈ પારઘી | ×.................................... |
| ૩. | શ્રી રજનીબેન ભીખાભાઈ ચંદ્રપાલ | ×.................................... |
| ૪. | શ્રી ચન્દ્રાબેન વિનોદભાઈ લોરિયા | ×..........ચંદા બેન.......... |
| ૫. | શ્રી પુરીબેન ધનજીભાઈ પારઘી | ×..........પારઘી પુરીબેન.......... |
| ૬. | શ્રી રીટાબેન અરજણભાઈ પારઘી | ×.................................... |
| ૭. | શ્રી શારદાબેન મુળજીભાઈ ચાંવગર | ×..........શારદા બેન.......... |

ઉપર મુજબના તમામટ્રસ્ટીઓ એ મારી રૂબરૂમાં ઉપર મુજબ સહીઓ કરેલ જેની હું આ ખાત્રી પુર્વક સહી કરી આપુ છું

પ્રમુખ સહી×....................................................

શ્રી પ્રભાબેન મંગાભાઈ પારઘી



Scanned with AnyScanner